# સિદ્ધાચલનાં વાસી, વિમલાચલનાં વાસી

સિદ્ધાચલનાં વાસી, વિમલાચલનાં વાસી, જિનજી પ્યારા

આદિનાથને વંદન અમારા (૨)

પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે, અમીરસ ધારા

આદિનાથને વંદન અમારા (૨)

પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર, દિલમેં ભક્તિની જ્યોત જલાકર (૨)

ભજ લે પ્રભુ ને ભાવે, દુર્ગતિ કદી ન આવે, જિનજી પ્યારા,

આદિનાથને વંદન અમારા (૨)

ભમી ને લાખ ચોર્યાસી હું આવ્યો, પુણ્યે દર્શન તમારા હું પાયો (૨)

ધન્ય દિવસ મારો, ભવનાં ફેરા ટાળો, જિનજી પ્યારા,

આદિનાથને વંદન અમારા (૨)

અમે તો માયાનાં વિલાસી, તમે છો મુક્તિપૂરીનાં વાસી (૨)

કર્મ બંધન કાપો, મોક્ષ સુખ આપો, જિનજી પ્યારા

આદિનાથને વંદન અમારા (૨)

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તમારી (૨)

કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે, પૂજન કરીએ અમે,

વંદન કરીએ અમે, ભવજલ તરીએ અમે, જિનજી પ્યારા,

આદિનાથને વંદન અમારા (૩)

February 26, 2016 - https://www.youtube.com/watch?v=Vh8Oip7kOB0